




પાલનપુર તાલુકાના માલણ ગામમાં આજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી એ જંગીસભાને સંબોધી હતી. માલણ ગામમાં પ્રથમ વખત રાજ્યના મુખ્યમંત્રી નું આગમન થતા ગામના સરપંચ સહીત જુદા-જુદા સમાજના આગેવાનોએ ઉમળકાભેર મુખ્યમંત્રી વિજય રૂપાણી નું ભવ્ય સ્વગત કર્યું હતું. બનાસકાંઠા જીલ્લા ની વિધાનસભા ની ચૂંટણી બીજા તબક્કામાં યોજાવાની છે. ત્યારે મુખ્યમંત્રી નો ચૂંટણી પ્રચારમાં બીજી વખત બનાસકાંઠા જીલ્લામાં આગમન થયું છે. જંગીસભા ને સંબોધતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે આ વખતે ની ચૂંટણીમાં ચમત્કાર થયા છે એમાં એક ચમત્કાર તો આપણા મૌની બાબા એટલેકે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ બોલતા થઈ ગયા. બીજા પ્રહારો કરતા એમણે જ્યારે બનાસકાંઠામાં પુર આવ્યું હતું ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો જનતાને ભગવાન ભરોષે મૂકી બેંગ્લોર માં જલસા કરવા જતાં રહ્યાં હતાં પાણી માં પરેશાન પ્રજાએ આ ચૂંટણી માં કોંગ્રેસના ધારાસભ્યોને હિસાબ આપવાનો છે. અને આ વખતે વીણી વીણી ને મુળિયા કાઢી નાખી વિકાસશીલ સરકાર ફરી રાજ્યમાં આવે તેવી અપીલ કરી હતી. પાલનપુરમાં પાંચ વર્ષથી કોંગ્રેસના ધારાસભ્ય હોવાથી રાજ્યની હરોળમાં પાલનપુરનો વિકાસ પાછળ રહ્યો છે જોકે આ વખતે પાલનપુર માંથી ભાજપનો ધારાસભ્ય ચૂંટાઈને મોકલવાની અપીલ સાથે પાંચ વર્ષના બાકી રહી ગયેલા વિકાસને વ્યાજ સાથે ચુકવાની ખાતરી આપી હતી. માલણ ગામે જનસભા સંબોધ્યા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મીડિયા સાથે ની વાતચીતમાં પાલનપુર વિધાનસભા બેઠક પર જનતાનો ભાજપ તરફી ઉત્સાહ જોવા મળ્યો છે અને ભાજપ ૧૫૦ થી વધુ બેઠકો હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજસ્થાન ના રાજ્યસભાના સંસદ નારાયણલાલ, બનાસકાંઠા જીલ્લા ભાજપના ઉપપ્રમુખ અને પાલનપુર વિધાનસભા ના ઈન્ચાર્જ વસંતભાઈ પુરોહિત, પૂર્વ ધારાસભ્ય વસંતભાઈ ભટોળ, ગોવિંદભાઈ પ્રજાપતિ, એ.પી.એમ.સી ચેરમેન ફતાભાઈ ધરીયા, ભગુભાઈ પટેલ, જૈન સમાજના આગેવાનો અને માલણ ગામ ના આગેવાનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં કેનેરા બેન્કના એટીએમમાંથી ૫.૮૪ લાખની ચોરી

મહેસાણા, તા. ૭

મહેસાણાના કડી મુકામે એ.ટી.એમ. ચોરોએ નિશાન બનાવ્યું છે. ગેસ કટર થકી એટીએમમાં ચોરી કરીને ચોરો ફરાર થઈ ગયા છે. તંત્ર દ્વારા દરેક બેન્કોને આ અંગે વારંવાર નોટીસો આપીને તેમના દરેક એટીએમ આગળ ગાર્ડ રાખવા સૂચનો કરાયા છે. પરંતુ આ નોટીસોની અવગણના કરવામાં આવી રહી છે. મહેસાણાના કડીમાં કેનેરા બેંકના એટીએમમાંથી રૂ. ૫.૮૪ લાખની ચોરી થઈ છે. અને તે સમયે કોઈ ગાર્ડ પણ નહોતો કે સીસીટીવી પણ ચાલુ નહિ હોવાનુ તપાસમાં ખુલવા પામ્યુ છે. જે અંગેની ફરિયાદ કડી પોલીસ મથકમાં મંગળવારની રાત્રીએ



નોંધાવા પામી હતી.

મહેસાણાના કડીમાં આવેલી કેનેરા બેંકના એટીએમમાંથી રૂ. ૫.૮૪ લાખની રોબરીની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એટીએમ તોડીને રૂ. ૫.૮૪ લાખની ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ફરિયાદ કડી પોલીસ મથકમાં નોંધાવા પામી છે. કડીના છત્રાલ રોડ પર આવેલી કેનેરા બેંકમાં ૫ ડિસેમ્બરને રાત્રે ૧૨ થી સવારે ૫ વાગ્યા દરમ્યાન આ ઘટના બની હતી. જેમાં કેટલાક અજાણ્યા શખ્સોએ ગેસ કટરનો ઉપયોગ કરીને એટીએમ તોડ્યુ હતુ અને એટીએમમાંથી રૂ. ૫.૮૪ લાખની ચોરી કરીને ફરાર થઈ ગયા છે. તેમ સૌરભ, બેંક મેનેજર કેનેરા બેંક, કડીએ જણાવ્યુ હતુ. કડી પોલીસ સ્ટેશને આ મામલે ફરિયાદ નોંધાતા કડી પોલીસે તપાસ શરૂ કરી છે જો કે પ્રાથમિક તપાસમાં જ આ એટીએમમાં કોઈ સિક્યુરીટી ગાર્ડ રખાયો નહિ હોવાનુ ખુલ્યુ હતુ. એટલુ જ નહિ, બેંક આગળના સીસીટીવી સાંજે છ વાગે બંધ કરી દેવાતા હોવાનો પણ ખુલાસો થવા પામ્યો છે. આ મામલે કડી પોલીસે અગાઉ ઘણી વખત કેનેરા બેંકની કડીની શાખાને નોટીસો આપેલી હતી પણ તેની બેદરકારીને કારણે આજે આ ઘટના બની છે. તેવુ કડી પોલીસે એચ.બી. મોદી પીએસઆઈ, કડી પોલીસ સ્ટેશને જણાવ્યુ હતુ. તંત્ર દ્વારા દરેક એટીએમએ સીસીટીવી અને સિક્યુરીટી ગાર્ડ રાખવાની નોટીસો છતાં કેનેરા બેંક દ્વારા દાખવાયેલ બેદરકારીને કારણે આ ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે ગેસ કટરથી એટીએમ તોડનારી આ ગેંગ કોણ હતી, ક્યાંથી આવી હતી તેની તપાસ કડી પોલીસ ચલાવી રહી છે.



## ધાનેરામાં ભાજપના ઉમેદવાર માવજીભાઈની જીતાડવા ડીસા માર્કેટયાર્ડના વેપારીઓ મેદાનમાં

ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને સમગ્ર ધાનેરા અને દાંતીવાડા તાલુકામાંથી પ્રચંડ જન સમર્થન મળી રહયુ છે ત્યારે માવજીભાઈની જંગી બહુમતીથી જીતાડવા હવે ડીસા માર્કેટયાર્ડ અને શાકમાર્કેટના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલો પણ પ્રચારકાર્યમાં જોડાશે. સોમવારે ડીસા માર્કેટયાર્ડ વેપારી એસો.હોલ ખાતે માવજીભાઈ દેસાઈનું ભવ્ય સન્માન કરાયું હતું. ધાનેરા બેઠકના ભાજપના ઉમેદવાર ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને બનાસ કોલેજ ના સ્થાપક ચેરમેન માવજીભાઈ દેસાઈએ ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભરતા ડીસા બજાર સમિતિમાં હર્ષોલ્લાસની લાગણી વ્યાપી છે. માવજીભાઈ દેસાઈ ને તન-મન-ધનથી જીતાડવા ડીસા બજાર સમિતિ સંચાલિત ડીસા માર્કેટયાર્ડ, વી.જે.પટેલ શાક માર્કેટ અને ભીલડી માર્કેટયાર્ડના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલભાઈઓ પણ ધાનેરામાં તેમના પ્રચારમાં જોડાશે.

## પ્રાંતિજ તાલુકામાં ‘ઓખી’ની અસરથી શાકભાજીમાં કરોડોનું નુકશાન

સાબરકાંઠા જિલ્લા સહિત રાજયભરમાં ઓખી વાવાઝોડાની ઈફેક્ટ જોવાં મળી હતી. કમોસમી વરસાદને લઈને પ્રાંતિજ ખાતે મુખ્યત્વે ફલાવર, કોબીના શાકભાજીના પાક ઉપર મોટી અસર જોવા મળી છે અને લાખ્ખોના ખર્ચે તૈયાર થયેલ પાકોમાં ખેડૂતોને મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે.

પ્રાંતિજ સહિત તાલુકામાં પડેલ કમોસમી વરસાદને પગલે ખેતીના પાકોમાં મોટી અસર જોવાં મળી છે. જેમાં પ્રાંતિજ તાલુકામાં મુખ્યત્વે શાકભાજીનો પાક ફલાવર, કોબી ઉપર જોવા મળી છે. શાકભાજીનું મોટા પાયે વાવેતર કરીને ફાયદો થવાની આશા રાખીને બેઠેલા ખેડૂતોને નિરાશા હાથ લાગી છે અને કમોસમી વરસાદ પડતાં ફલાવર, કોબીના પાક ઉપર નુકશાનીની અસર જોવા મલી છે. તૈયાર થયેલ પાકમાં ડાગી, લાલસા તથા ફુગ તથા પાણીને લઈને જીવાતનો ઉપદ્રવ વધશે અને ખેડૂતોના બાકી તૈયાર થયેલ પાક ઉપર પણ મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે અને મોઘા બિયારણ તથા મોઘી દવા સહિત મંજુરીએ માથે પડે તેમ છે. અને ખેડૂતોને કરોડોની નુકશાની આશંકા-ખેડૂત આલમ ચિંતાતૂર બન્યો છે. બીજી તરફ માલ માર્કેટમાં લઈ જવાતા માલ પ્રમાણે ભાવ ના મળતા હાલ તો પડ્યા ઉપર પાટુ જેવી સ્થિતિ પેદા થઈ છે. અચાનક આ વર્ષેભર શિયાળે આષાઢી માહોલમાં વાતાવરણ બદલાતા ખેડૂતોને શાકભાજીના વાવેતરોમાં ફટકો પડયો છે.



ખેડબ્રહ્માંમાં શેઠ કે ટી હાઈસ્કૂલ ખાતે ગુરૂવારના રોજ વિધાનસભા મતદાન મથકે પરિસાઈડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવનારા કર્મચારીઓની ટ્રેનીંગ યોજાઈ હતી. આ ટ્રેનિંગ અધિકારીઓને મતદાન મથકે વિવી પેટ કેવી રીતે ચલાવવું તથા મતદાન સમયે શુ કામગીરી કરવી મતદાન કર્યા બાદ વીવીપેટ કેવી રીતે સીલ કરવું તથા રિસિવિંગ સેન્ટર પર તમામ વિગતો કેવી રીતે આપવી તેની સંપૂર્ણ માહિતી મીટિંગ દરમિયાન આપવામાં આવી હતી. આ તાલીમ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિક મોદી દ્વારા આપવામાં આવી હતી. આ મિટિંગ ૨ ચરણોમાં યોજાઈ જેમાં પ્રથમ ચરણમાં ૩૪૬ અને બીજા ચરણમાં ૩૪૬ કર્મચારીઓ ને ટ્રેનિંગ આપવામાં આવી હતી. આવેલ પરિસાઈડિંગ કર્મચારીઓએ બેલેટ પેપરથી મતદાન કર્યુ હતુ. આ ટ્રેનિંગમાં નાયબ મામલતદાર હર્ષભાઈ પરમાર, અરુણદાન ગઢવી, નરેશભાઈ ડોડીયા, ઉપસ્થિત રહી ટ્રેનિંગ પૂર્ણ કરી જતી. આ ટ્રેનિંગ ત્રણ દિવસ ચલાવવામાં આવશે.

## મોડાસાના ભેરૂંડા રોડ પર તસ્કરોનો તરખાટ

### મોડાસા લો કોલેજ અને બે પ્રોવિઝન સ્ટોર્સના તાળા તોડી ૧૦ હજાર રોકડ સહીત મુદ્દામાલની લૂંટ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી હોવાથી જિલ્લા પોલીસતંત્ર ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત હોવાનો ફાયદો તસ્કર ટોળકીએ ઉઠાવી બુધવારે રાત્રીએ મોડાસાના ભેરૂંડા રોડ પર કોલેજ પાછળના વિસ્તારમાં આવેલી બે પ્રોવિઝન સ્ટોરના તાળા તોડી ૧૦૦૦૦ની લૂંટ ચલાવી નજીક આવેલી એન.એસ. પટેલ લો-કોલેજના રૂમનું તાળુ તોડી લૂંટ કરવાનો નિષ્ફળ પ્રયાસ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

મોડાસાના ભેરૂંડા રોડ પર આવેલી જીલાની પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં બુધવારે રાત્રીના સુમારે તસ્કર ટોળકીએ દુકાનના તાળા તોડી ગલ્લામાં રહેલા ૩૦૦૦ હજાર રૂપિયા રોકડા અને ૭૦૦૦થી વધુનો માલ સામાન ચોરીની લૂંટ ચલાવી બાજુમાં આવેલા રિલેક્સ એપાર્ટમેન્ટમાં આવેલી પ્રોવિઝન સ્ટોરના તાળા તોડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અગમ્ય કારણોસર સફળતા ન મળતા તસ્કરોએ નજીક આવેલી એન.એસ. પટેલ લો-કોલેજના ક્લાસ રૂમને ઓફિસ સમજી તાળુ તોડ્યું હતું. ત્યાં પણ તસ્કરો નિષ્ફળ રહેતા જીલાની પ્રોવિઝનમાંથી ૩ હજાર રોકડા સહીત ૧૦ હજારનો મુદ્દામાલની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ગુરુવારે સવારે બંને પ્રોવીઝન દુકાનના માલિકોએ દુકાનના તાળા તૂટેલા જોતા પેટમાં ફાળ પડી હતી. ચોરીની ઘટનાની જાણ આજુબાજુના લોકોને થતા ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જીલાની પ્રોવિઝન સ્ટોરના દુકાનદારે પોલીસને જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી.

## પોલીંગ સ્ટાફ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જરૂરિયાત રહેશે. પાંચ વિધાનસભા બેઠક માટે ચૂંટણીસ્ટાફને મતદાન મથકોએ પહોંચાડવા માટે ૩૪-દહેગામ માટે ૨૫, ૩૫-ગાંધીનગર(દક્ષિણ) માટે ૩૯, ૩૬-ગાંધીનગર(ઉત્તર) માટે ૩૧, ૩૭-માણસા માટે ૨૯ તથા ૩૮-કલોલ માટે ૩૦ મળી આમ કુલ ૧૫૪ રૂટ બનાવવામાં આવ્યા છે. પાંચ વિધાનસભા મતદાન વિભાગોમાં સંબંધિત ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણીસ્ટાફ માટે ચા-નાસ્તો, પાણી અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે. સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત ૯-ઓનલાઈન અને ૨૧૪ ઓફલાઈન મળી કુલ ૨૨૩ અરજીઓ પૈકી ૨૧૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જિલ્લામાં મતદાનના દિવસે કુલ ૮૭ મતદાન મથકો ઉપર તથા પાંચ કાઉન્ટિંગહોલ ખાતે વેબકાસ્ટિંગ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ વિવિધ પોલીસ કર્મીઓ અને અધિકારીઓ દ્વારા ૩૪૭૨ લોકોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યુ છે. ૮૦ ટકા જેટલુ મતદાન થયુ છે. તા. ૧૮ ડિસેમ્બરે સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે દરેક વિધાનસભા મતવિસ્તારદીઠ ૧૪+૧ ટેબલની સંખ્યા દ્વારા કુલ-૫ હોલમાં મતગણતરી હાથ ધરાશે.

ભારતના ચૂંટણીપંચની સૂચના મજુબ જિલ્લામાં તા. ૧૩ અને તા. ૧૪ ડિસેમ્બરના રોજ મિડીયા સર્ટિફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટીની મંજુરી વગર અખબારોમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો જાહેરાત છપાવી શકશે નહી. અખબારોએ આ બંને દિવસો માટે આવી જાહેરખબર છાપવા માટે મિડીયા સર્ટિફીકેશન એન્ડ મોનીટરીંગ કમિટિનું સર્ટિફિકેટ ચેક કરીને જ જાહેરાત છાપી શકશે. નાયબ નિયામક નશાબંધી અને આબકારી ગાંધીનગરના આદેશો મુજબ તા. ૭ ડિસેમ્બર સાંજે ૫ કલાકથી તા. ૧૪ ડિસેમ્બરના રોજ આખો દિવસ અને તા. ૧૮ ડિસેમ્બરના રોજ મતગણતરીના દિવસે આખો દિવસ લીકરશોપ પરથી વિદેશી દારૂનું વેચાણ બંધ રાખવા પણ સૂચના આપવામાં આવી છે. આચારસંહિતા ભંગની કુલ-૩ ફરિયાદો મળેલ છે. પોલીંગસ્ટાફને સેકન્ડ રેન્ડમાઈઝેશન બાદ તા. ૭ ડિસેમ્બરથી બીજા તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

## મોદીની જાહેરસભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રચાર ઝુંબેશ તેજ બનાવી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર ઉમેદવારો પોતાના પ્રચાર કાર્યમાં મોડીરાત સુધી રોકાયેલા રહે છે . પ્રચાર માટે વિવિધ તરીકાઓ અપનાવામાં આવી રહયા છે. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોને અનુલક્ષી ભાજપ આગામી દિવસોમાં સ્ટાર પ્રચારકો મેદાને ઉતારવાના મુડમાં છે. જેમાં ટુંકમાં જ પુરુષોત્તમ રૂપાલા અને યોગી આદિત્યનાથ સહીતના ફાયર બ્રાન્ડ નેતાઓ સભા ગજવશે.

## સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંભાવના છે. આ ઉપરાંત રાહુલ ગાંધીની સભા પણ આગામી ૧૧મી એ યોજાશે.

**તમે જીત હાંસલ કર્યા બાદ ગાંધીનગર માટે શુ કરશો ?**

કોંગ્રેસના શાસનકાળમાં બાગ બગીચા ગટર રોડ રસ્તા બધુ થઈ ગયુ હતુ. સુધારા વધારા ભાજપે કર્યા હશે. પરંતુ તેને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ગાંધીનગરની રચના બાદ હવે ત્રીજી પેઢી આવી છે. ત્યારે સિનિયર સીટીઝન્સ માટે પણ વિશેષ વ્યવસ્થા થવી જોઈએ. આસપાસના વિસ્તારોમાં ઉદ્યોગપતિઓને જમીન આપી દેવામાં આવી છે. તેના બદલે કર્મચારીઓના વસવાટ માટે જગ્યા આપી હોત તો..બૃહદ ગાંધીનગર બની ગયુ હોત.. ભારતના ઈતિહાસમાં નકશો બની જાત.. એવી કલ્પના ભાજપે કરી ન હતી. કોંગ્રેસની સરકાર તમામ કુંટુબીજનો વસવાટ માટે ચોક્કસ વ્યવસ્થા કરશે.

**જીત માટે ક્યાં મહેનત કરવાની જરૂર લાગે છે..શહેર કે ગામડામાં ?**

ગ્રામ્ય વિસ્તારમાં મહેનતની જરાપણ જરૂર લાગતી નથી કારણ કે ત્યાં બિલકુલ ખેડુતો , માલધારીઓ ખેત મજુરો , પશુપાલકો નાના મોટા વેપારીઓ જી એસ ટીના લીધે ત્રસ્ત છે. ગામડા વન સાઈડ જ કોંગ્રેસને મત આપશે. સમય ઓછો હોવાના લીધે મતદારો સાથે વ્યકિતગત સંપર્ક થવાની શક્યતા ઓછી છે...કર્મચારીઓ , સોસાયટીના લોકો વ્યક્તિગત સંપર્કની અપેક્ષા રાખે છે. માટે શહેરમાં મહેનત વધુ કરવી પડશે.

**આપ વેટરનરી ડોકટર છો અબોલ પશુઓ માટે શુ કરશો ?**

ખરેખર ..તો એનિમલ હોસ્ટેલ દરેક શહેરમાં હોવી જોઈએ.. એનિમલ હોસ્ટેલમાં રખડતા ઢોર અને માલધારી વિહોંણા ઢોર રાખવાની વ્યવસ્થા કરી શકાય અને એની ફી પણ નિયત કરી યોજના આગળ વધારી શકાય.. કોંગ્રેસને બહુમત મળશે તો તેનો અમલ કરીશુ.

**ગાંધીનગર આમ તો કોંગ્રેસનુ ગઢ કહેવાતુ હવે મત માંગવા જવુ પડે છે એવુ કેમ ?**

ગાંધીનગર જિલ્લો આજે પણ કોંગ્રેસનો ગઢ છે. ગત ૨૦૧૨ ની ચુંટણી બાદ જિલ્લા તાલુકા પંચાયતની ચુંટણી પરિણામ પર નજર નાંખીએ તો કોંગ્રેસનો ગઢ આજે પણ છે. તેવુ સ્પષ્ટ થાય છે..૩૦ માંથી ૨૪ બેઠકો કોંગ્રેસને મળી છે. મહાનગરપાલિકાની ચુંટણીમાં પણ કોંગ્રેસને બહુમત મળ્યો હતો...કોંગ્રેસ અહીંયા.. ઘસાઈ નથી..મેનેજમેન્ટની ખામી હોવાના લીધે અગર ચુંટણી લડવાની યોગ્ય પ્રકીયાના કારણે કોઈવાર ચુંટણીમાં પરાજય થયો હશે. પરંતુ આ વખતે ઉત્તરની જ નહીં પરંતુ જિલ્લાની તમામ બેઠકો પર વિજય મેળવીશુ. ગુજરાતમાં પણ ૯૫ થી ૧૦૦ બેઠકો પર કોંગ્રેસનો વિજય થશે.

**અશોક પટેલ તમારો પ્રતિસ્પર્ધી છે. તેમને કેવી દ્રષ્ટીથી જોવો છો ?**

લોકશાહીમાં સામેપક્ષે કોઈપણ ઉમેદવાર આવી શકે . એ ન હોત તો કોઈ બીજા હોત..અશોક પટેલ સાથેની લડાઈ નથી...કોંગ્રેસ ભાજપની વિચારધારાની લડાઈ છે. અમારો પક્ષ સત્તા પર આવશે તો ચુંટણી ઢંઢેરાનો અમલ કરીશુ. કોંગ્રેસ જે કહે છે.. એ જ કરે છે... અને જે કરે છે.. એ જ કહે છે...

**ડો સી જે ચાવડા જીતે તો મજબુત કારણ.. સિંગલ લાઇનમાં..?**

હરહંમેશ પ્રજાને સંતોષકારક જવાબ અને સંતોષકારક કામ થાય તેવી કાર્યપધ્ધતિ સામે પક્ષે અંદરખાને પ્રચાર થાય છે કે તમે ચુંટાશો તો બાપુ શાહી વધશે ? એ પ્રચાર ગમે તે કરે હુ જ્યારે ધારાસભ્ય થયો ત્યારે કોઈ દિવસ બાપુશાહી કે પ્રજા પર પ્રભુત્વ વધારે તેવા અસામાજિક તત્વોને મહત્વ આપ્યુ નથી . આવા તત્વો બધા સમાજમાં હોય શકે. હુ તમામ સમાજને સાથે લઈને ચાલુ છુ.

**ગોસ્વામી સમાજ તમારાથી નારાજ છે ?**

ના જરા પણ નહીં ગોસ્વામી સમાજ મારા માટે પુજનીય છે.



## ધાનેરામાં જયેશ સોલંકી, બળવંતભાઈ બારોટ સહિત નગરપાલિકા કોંગ્રેસના સદસ્યોએ નથાભાઈને જીતાડવા માટે કમર કસી

ધાનેરા ધાનેરા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ અને જયેશભાઈ સોલંકી સહિત ધાનેરા નગરપાલિકા ના કોંગ્રેસી સદસ્યોએ નથાભાઈ ને જીતાડવા માટે કમર કસી છે અનવ ધાનેરા શહેર માં ઘરે ઘરે જઈ નથાભાઈ ને વોટ આપવા માટે અપીલ કરી રહ્યા છે. વિધાન સભા ની ચૂંટણી આડે હવે માત્ર ગણતરી ના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસ સહિત અન્ય પક્ષો પણ ચૂંટણી જીતવા માટે એડી ચોંટી નું જોર લગાવી રહ્યા છે ત્યારે આજે ધાનેરા શહેર માં પાલિકા ના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ. જયેશભાઈ સોલંકી હરિસિંગ રાજપૂત.હરજીભાઈ સોલંકી નાનજીભાઈ પટેલ સહિત મોટી સંખ્યા માં મહિલા અને પુરુષ કોંગ્રેસ ના પ્રચાર માટે નીકળ્યા હતા અને લોકો ના ઘરે ઘરે જઈ કોંગ્રેસ ના ઉમેદવાર નથાભાઈ ને જીતાડવા માટે હાકલ કરી હતી તો બીજી તરફ પૂર્વ પાલિકા પ્રમુખે મીડિયા સાથે ની વાત ચિત માં જણાવ્યું હતું કે જો ગુજરાત માં અમારી સરકાર બનશે તો અમે આપેલ બધાજ વાયદાઓ પુરા કરશું.